TATA SHAKTEE JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets ISC durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Petrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઇઝ્ડના પતરા
• JSW|મોરછાપ|Colouron+ પતરા
• JINDAL|સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN|APOLLO|NEZONE-MS|GI-PIPES
• સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા|સ્ક્રૂ
• પોલીકાર્બોનેટ|PVC શીટ|રૂફીંગ એસેસરીઝ
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ વદ તેરસ મંગળવાર ૧૭ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૨૧

પાનાં ૧૪ કિંમત ₹ ૫.૦૦

# ઉત્તર ભારતમાં હવામાન પલટો: ભારે હિમવર્ષા

**મેદાની** વિસ્તારોમાં ઠંડીનું પુનરાગમન

**શિમલામાં** વીજળીના કડાકા અને કરા સાથે ભીષણ તોફાન ત્રાટક્યું

**કાશ્મીરમાં** ગુલમર્ગ, સોનમર્ગ અને દૂધપથરી જેવા પ્રવાસન સ્થળો બરફથી ઢંકાઇ ગયા

**બદ્રીનાથ** ધામ, નીલકંઠ પર પણ હિમવર્ષા થઇ



» હિમાચલ પ્રદેશના કુલુ જિલ્લામાં આવેલી સોલાંગ વેલીમાં ભારે હિમવર્ષા દરમિયાન ટ્રાફિક જામમાં ફસાયેલા વાહનો



» બદ્રીનાથ ધામમાં બરફની સફેદ ચાદર વચ્ચેથી પસાર થઈ રહેલા સુરક્ષાકર્મીઓ

**નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ):** ઉત્તર ભારતમાં ઉનાળાના આગમનની તૈયારીઓ વચ્ચે કુદરતે પોતાનો મિજાજ બદલ્યો છે. હિમાચલ પ્રદેશ, જમ્મુ-કાશ્મીર અને ઉત્તરાખંડના પહાડી વિસ્તારોમાં થયેલી ભારે હિમવર્ષાને કારણે સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીનું પુનરાગમન થયું છે. હિમાચલના મનાલી અને કુલ્લુમાં સતત બીજા દિવસે હિમવર્ષા ચાલુ રહી હતી, જ્યારે રાજધાની શિમલામાં વીજળીના કડાકા અને કરા સાથે ભીષણ તોફાન ત્રાટક્યું હતું. દિવસે અંધારપટ છવાઈ જતાં વાહનોને લાઈટો ચાલુ રાખીને ચાલવું પડ્યું હતું. જમ્મુ-કાશ્મીરમાં પણ સ્થિતિ કપરી છે. ગુલમર્ગ, સોનમર્ગ અને દૂધપથરી જેવા પ્રવાસન સ્થળો બરફથી ઢંકાઈ ગયા છે. સાધના ટોપ પર 12 ઈંચથી વધુ બરફ પડતાં ગુરેઝ-બાંદીપોરા અને મુઘલ રોડ જેવા મહત્વના માર્ગો બંધ કરવા પડ્યા છે. કાશ્મીર ખીણના મેદાની વિસ્તારોમાં ભારે વરસાદને કારણે વાહનવ્યવહાર ખોરવાયો છે. ઉત્તરાખંડના ચમોલીમાં બદ્રીનાથ ધામ, નીલકંઠ અને નારાયણ પર્વત બરફની સફેદ ચાદરથી ઢંકાઈ ગયા છે, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં કડકડતી ઠંડી નોંધાઈ છે.

પહાડોમાં હિમવર્ષાની અસર મેદાની વિસ્તારોમાં પણ જોવા મળી છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં હળવા વરસાદને કારણે તાપમાનમાં 2 થી 4 ડિગ્રીનો ઘટાડો થયો છે. દિલ્હીમાં રવિવારના વરસાદ બાદ હવાની ગુણવત્તા (એક્યુઆઈ) સુધરીને 'સંતોષકારક' શ્રેણીમાં આવી ગઈ છે. હવામાન વિભાગે આગામી 18થી 21 માર્ચ દરમિયાન પશ્ચિમી વિક્ષેપને કારણે રાજસ્થાનમાં ફરીથી ભારે પવન સાથે વરસાદની આગાહી કરી છે.

### અટલ ટનલમાં 1000 જેટલા વાહનો ફસાયા

મનાલીની અટલ ટનલના સાઉથ પોર્ટલ પાસે રવિવારે અચાનક થયેલી ભારે હિમવર્ષાને કારણે 1000થી વધુ વાહનો ફસાઈ ગયા હતા. રસ્તા પર બરફ જામી જતાં અનેક વાહનો લપસી ગયા હતા, જેમાં પ્રવાસીઓ અકસ્માતથી માંડ-માંડ બચ્યા હતા. મનાલી પોલીસ અને વહીવટીતંત્રએ રાતભર ઓપરેશન ચલાવી તમામ વાહનોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા. આ જ રીતે જમ્મુ-કાશ્મીરના સિન્થન ટોપ પર ફસાયેલા 214 પ્રવાસીઓને પોલીસ અને સેનાએ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને સુરક્ષિત બચાવી લીધા હતા.

## દુબઈ એરપોર્ટ પર ઈરાની ડ્રોન હુમલાથી ફ્લાઈટ્સ ઠપ



**ઇરાને** ઇઝરાયેલ, અમેરિકન થાણાઓ અને અખાતી દેશોના ઉર્જા માળખાઓ પર હુમલા ચાલુ રાખ્યા

**ઇરાને** હોર્મુઝ ખાડી બંધ જ રાખતા વૈશ્વિક ઉર્જા કટોકટીનો ભય

**હોર્મુઝની** સામુદ્રધૂનિના માર્ગે ટેન્કર જહાજોનું પસાર થવાનું હજુ પણ મુશ્કેલ

**બેરૂત/તેહરાનઃ** મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધે સોમવારે વૈશ્વિક ઉર્જા અને આર્થિક સંકટને વધુ ઘેરું બનાવ્યું છે. ઈરાને દુબઈ એરપોર્ટ અને પાડોશી દેશોના તેલ મથકોને નિશાન બનાવતા વિશ્વભરમાં ફફડાટ ફેલાયો છે. દુબઈ

...અનુસંધાન પાના 13 પર ➲

### ચાબહાર ટ્રેડ ઝોન પાસે અમેરિકી ફાઈટર જેટ્સનો જોરદાર હુમલો

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષની વચ્ચે અમેરિકી ફાઈટર જેટ્સે ઈરાનના દક્ષિણ-પૂર્વ સરહદે આવેલા ચાબહાર ફ્રી ટ્રેડ ઝોન (CFZ) નજીક સૈન્ય સુવિધાઓ પર હુમલો કર્યો છે. વોઈસ ઓફ અમેરિકાના અહેવાલ મુજબ, પાકિસ્તાન સરહદ નજીક આવેલા આ વ્યૂહાત્મક ટ્રેડ ઝોનની પાછળના પહાડી વિસ્તારોમાં ભીષણ વિસ્ફોટોના અવાજ સંભળાયા હતા. ભારત માટે

...અનુસંધાન પાના 13 પર ➲

## ફોર્બ્સ યાદી 2026: ભારતમાં 24 અબજપતિ વધ્યા, 229 થયા

**લક્ષ્મી** મિત્તલ દેશના ચોથા સૌથી ધનિક વ્યક્તિ બન્યા

**આ વર્ષે** લક્ષ્મી મિત્તલની સંપત્તિમાં સૌથી વધુ ઉછાળો



**નવી દિલ્હી, તા. 16:** ફોર્બ્સની 40મી વાર્ષિક 'વર્લ્ડ્સ બિલિયોનેર્સ લિસ્ટ 2026' જાહેર કરવામાં આવી છે. યાદી મુજબ ભારતમાં છેલ્લા એક વર્ષમાં 24 નવા અબજપતિઓનો ઉમેરો થયો છે, જેની સાથે કુલ સંખ્યા 229 પર પહોંચી ગઈ છે. ભારતીય અબજપતિઓમાં આ વર્ષે લક્ષ્મી મિત્તલની સંપત્તિમાં સૌથી વધુ ઉછાળો જોવા મળ્યો છે. આર્સેલર મિત્તલના શેરમાં 80% ના ઉછાળાને કારણે મિત્તલ દરરોજ સરેરાશ 274 કરોડ રૂપિયાની કમાણી કરી દેશના ચોથા સૌથી ધનિક વ્યક્તિ બન્યા છે. તેમની કુલ સંપત્તિ 31 અબજ ડોલર પર પહોંચી ગઈ છે.

ભારતની અમીરોની યાદીમાં અન્ય નોંધપાત્ર ફેરફારોમાં ઓપી જિંદલ ગ્રુપના સાવિત્રી જિંદલ દેશનાં સૌથી ધનિક મહિલા તરીકે યથાવત છે, જ્યારે કોટક મહિન્દ્રા બેંકના ઉદય કોટક ટોપ-10માં પ્રવેશ્યા છે. શિક્ષણ

...અનુસંધાન પાના 5 પર ➲

## બંગાળમાં ચૂંટણી પંચનો અભૂતપૂર્વ નિર્ણય: ટોચના અધિકારીઓ બદલાયા

**બંગાળના** વહીવટી ઇતિહાસમાં પ્રથમ વખત આવા સખત પગલાં લેવાયા

**મુખ્ય** સચિવ અને DGP સહિત તમામ ટોચના અધિકારીઓ બદલાયા

**જે** અધિકારીઓની બદલી કરાઇ છે, તેઓ ચૂંટણી સંબંધિત કામગીરીમાં સામેલ થઇ શકશે નહીં

**મમતા** બેનર્જીએ પંચની કાર્યવાહીની ટીકા કરી

**કોલકાતા-નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ):** પશ્ચિમ બંગાળના વહીવટી ઈતિહાસમાં પ્રથમ વખત ચૂંટણી પંચે અત્યંત કડક વલણ અપનાવતા રાજ્યના સમગ્ર ટોચના અમલદારી અને પોલીસ માળખામાં ફેરફાર કર્યો છે. આવતા મહિને યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા, પંચે એકસાથે મુખ્ય સચિવ, ગૃહ સચિવ, ડીજીપી, કોલકાતા પોલીસ કમિશનર અને એડીજી (કાયદો અને વ્યવસ્થા) જેવા અત્યંત મહત્વના હોદ્દા પરથી અધિકારીઓની બદલી કરી દીધી છે. રવિવારે ચૂંટણીની તારીખો જાહેર થયાના ગણતરીના કલાકોમાં જ આ આદેશ આપવામાં આવ્યો હતો. નવી નિમણૂકો મુજબ, 1993 બેચના આઈએએસ અધિકારી દુષ્યંત નારિયાલાને રાજ્યના નવા મુખ્ય સચિવ અને 1997 બેચના સંગમિત્ર ઘોષને ગૃહ સચિવ બનાવવામાં આવ્યા છે. પોલીસ વિભાગમાં, સિદ્ધ નાથ ગુપ્તાને નવા ડીજીપી અને અજય કુમાર નંદને કોલકાતાના પોલીસ કમિશનર તરીકે નિયુક્ત કરાયા છે. પંચે સ્પષ્ટ સૂચના આપી છે કે જે અધિકારીઓની બદલી કરવામાં આવી છે, તેઓ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈ પણ ચૂંટણી સંબંધિત કામગીરીમાં સામેલ થઈ શકશે નહીં. ચૂંટણી પંચે ભૂતકાળમાં પણ ઉચ્ચ અધિકારીઓની બદલીઓ કરી છે, પરંતુ રાજ્યના વહીવટીતંત્રના મુખ્ય આધાર ગણાતા તમામ ટોચના અમલદારો અને પોલીસ વડાઓની એકસાથે બદલી કરી હોય અને તેમને ચૂંટણી પ્રક્રિયાથી દૂર રાખ્યા હોય, તેવી આ પ્રથમ અભૂતપૂર્વ ઘટના છે.

મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ચૂંટણી પંચની આ કાર્યવાહીની ટીકા કરતા કહ્યું હતું, 'ચૂંટણી પંચનો આ નિર્ણય પક્ષપાતી છે.

## હોર્મુઝ મુદ્દે અમેરિકા એકલું પડ્યું?

**હોર્મુઝની** ખાડીના મામલે વિશ્વના દેશો ટ્રમ્પને સાથ આપવાના મૂડમાં નથી

**ચીન** યુદ્ધ બંધ કરવાની વાત કરે છે

**હોર્મુઝની** ખાડીમાં યુદ્ધ જહાજ મોકલવાનો સ્પેનનો સ્પષ્ટ ઇન્કાર, જર્મની અને ઇટાલીનો પણ આવો જ સૂર, બ્રિટન પણ યુદ્ધમાં ખેંચાવા માગતું નથી

**યુરોપિયન** દેશો વધુ સ્પષ્ટતા માગે છે, ભારતે કહ્યું કે આ મામલે અમેરિકા સાથે કોઇ દ્વિપક્ષી વાતચીત કરી નથી

**બ્રસેલ્સ, લંડન, બૈજિંગ, તા. ૧૬:** અમેરિકા અને ઇઝરાયેલ સાથે ચાલતા યુદ્ધ વચ્ચે ઇરાન હોર્મુઝની સામુદ્રધૂનિનો જહાજી માર્ગ અવરોધી રહ્યું છે અને તેને કારણે ક્રૂડ ઓઇલ અને ગેસ ભરેલા ટેન્કર જહાજોનો માર્ગ અવરોધાતા વિશ્વભરમાં ઇંધણ કટોકટી સર્જાય તેવો ભય ઉભો થયો છે ત્યારે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વના અનેક દેશોને આ માર્ગ ખોલવામાં અમેરિકાની મદદ કરવા માટે ત્યાં પોતાના યુદ્ધ જહાજો મોકલવા વિનંતી કરી છે પરંતુ તેમની આ વિનંતીને અત્યાર સુધી ભાગ્યે જ કોઇ પુરો હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે.

ચીને તો સ્વાભાવિક રીતે જ સ્પષ્ટ ના પાડી દેતા આ યુદ્ધ જ બંધ કરવાની વાત કરી છે તો અમેરિકાના ખાસ સાથીદાર મનાતા યુરોપિયન દેશો પણ વિરોધના કે સાવધાનીના સૂર કાઢી રહ્યા છે. સ્પેને તો હોર્મુઝની ખાડીમાં કોઇ પણ લશ્કરી અભિયાનમાં જોડાવાનો ઇન્કાર કરી દીધો છે. તેણે કહ્યું છે કે ઇરાનમાં અમેરિકાનું યુદ્ધ જ ગેરકાયદે છે.

...અનુસંધાન પાના 5 પર ➲

## કટકની સરકારી હોસ્પિટલના આઈસીયુમાં ભીષણ આગ

10 દર્દીઓનાં કરૂણ મોત

**બચાવ** કામગીરી દરમિયાન હોસ્પિટલના 11 કર્મચારીઓ દાઝ્યા



**ભુવનેશ્વર, તા. 16 (પીટીઆઈ):** ઓડિશાના કટકમાં આવેલી રાજ્ય સરકાર સંચાલિત એસસીબી મેડિકલ

...અનુસંધાન પાના 5 પર ➲

## ભારત-અમેરિકા વેપાર કરાર વિલંબમાં

**વોશિંગ્ટનનું** નવું ટેરિફ માળખું જાહેર થયા બાદ જ થશે હસ્તાક્ષર

**ટ્રમ્પના** ટેરિફ રદ કરતા અમેરિકી સુપ્રીમ કોર્ટના ચુકાદા પછીના સંજોગોમાં સર્જાયેલા ગુંચવાડાને પગલે ભારતે લીધેલો નિર્ણય

**નવી દિલ્હી, તા. ૧૬:** ભારત અને અમેરિકા વચ્ચેના સૂચિત વચગાળાના વેપાર કરાર પર હસ્તાક્ષર ત્યારે જ થશે જ્યારે વોશિંગ્ટન તેનું નવું વૈશ્વિક ટેરિફ માળખું તૈયાર કરી લેશે. આ નિર્ણય અમેરિકી સુપ્રીમ કોર્ટના તે ચુકાદા બાદ લેવામાં આવ્યો છે, જેમાં તેણે ટ્રમ્પે નાખેલા ટેરિફોને ગેરકાયદે જાહેર કર્યા હતા.

અધિકારીએ નામ ન આપવાની શરતે કહ્યું હતું કે, "અમે હજી પણ આ સોદાની ઝીણી વિગતો પર કામ કરી રહ્યા છીએ, પરંતુ હસ્તાક્ષર ત્યારે જ થશે જ્યારે તેમનું નવું ટેરિફ આર્કિટેક્ચર તૈયાર થઈ જશે. આ સોદા પર કોઈ મડાગાંઠ નથી." આ કરાર શરૂઆતમાં માર્ચમાં સાઈન થવાની અપેક્ષા હતી, પરંતુ અમેરિકી કોર્ટના ચુકાદાએ અગાઉના પરસ્પર ટેરિફને અમાન્ય ઠેરવ્યા હતા, જેના કારણે ટ્રમ્પ વહીવટીતંત્રે વૈશ્વિક વેપાર માટે નવા ટેરિફ માળખા પર કામ કરવાની ફરજ પડી હતી. હાલ પૂરતું, અમેરિકાએ ટ્રેડ એક્ટ 1974 ની કલમ 122 હેઠળ કામચલાઉ 10 ટકા ટેરિફ લાદ્યા છે, જે પાંચ મહિના સુધી અમલમાં રહેશે. અધિકારીએ જણાવ્યું હતું કે, "આપણે જે પણ સોદો નક્કી કરીએ અને તેના પર હસ્તાક્ષર કરીએ, તેમાં ટેરિફ સ્ટ્રક્ચર સામે અમેરિકી બજારમાં ભારતને મળતા તુલનાત્મક લાભ મળતો

...અનુસંધાન પાના 13 પર ➲

## રાજ્યસભા ચૂંટણી: બિહારની તમામ પાંચ બેઠકો એનડીએને મળી

**બિહારમાંથી** નીતિશ કુમાર અને નિતિન નબીન ચૂંટાઇ આવ્યા, મહાગઠબંધનના ચાર ધારાસભ્યએ મતદાન નહીં કરતા એનડીએને લાભ

**ઓડિશામાં** ક્રોસ વોટિંગ વચ્ચે એનડીએનો વિજય, હરિયાણામાં ગરબડોની સામસામી ફરિયાદો પછી મતગણતરી મોકૂફ

**કુલ** ૩૭ બેઠકો ખાલી હતી જેમાંથી ૧૧ માટે ચૂંટણી થઇ, બાકીની બેઠકો પર શરદ પવાર સહિતના ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા છે

**નવી દિલ્હી, 9 માર્ચ (PTI):** બિહારના સૌથી લાંબો સમય સેવા આપનાર મુખ્યમંત્રી નીતીશ કુમાર અને ભાજપના નવા પ્રદેશ પ્રમુખ નિતિન નબીન બિહારથી રાજ્યસભામાં ચૂંટાયા છે. સોમવારે ત્રણ રાજ્યોમાં ઉપલા ગૃહની 11 બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં શાસક NDA ગઠબંધને ભવ્ય જીત મેળવી હતી.

રાજ્યસભાની કુલ 37 ખાલી બેઠકોમાંથી માત્ર બિહાર, ઓડિશા અને હરિયાણાની 11 બેઠકો પર જ મતદાન યોજાયું હતું, કારણ કે બાકીના સભ્યો અગાઉ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. સોમવારે રાત્રે જાહેર થયેલા પરિણામોમાં, શાસક NDA ગઠબંધને આઠ બેઠકો જીતી છે (જેમાં તેમના દ્વારા સમર્થિત એક અપક્ષ ઉમેદવારનો સમાવેશ થાય છે), જ્યારે BJD ને એક બેઠક મળી છે. હરિયાણાની બે બેઠકો પર ગરબડના આક્ષેપોને કારણે મતગણતરી હાલ પૂરતી રોકી દેવામાં આવી છે. મેદાનમાં કુલ 14 ઉમેદવારો હતા. હરિયાણામાં કોંગ્રેસ તથા ભાજપે મતદાન ગુપ્તતા ભંગની સામસામી ફરિયાદો નોંધાવતા મતગણતરી અટકાવી દેવાઇ છે. NCP (SP) ના સુપ્રિમો શરદ પવાર અને કેન્દ્રીય

...અનુસંધાન પાના 5 પર ➲

તા. ૧૬-૦૩-૨૦૨૬નું સુરત શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૨.૪° સે. | ૨૧.૯° સે. | ૭૨% |

## ટ્રમ્પની ધમકી: 'હોર્મુઝમાં સાથ નહીં આપો તો નાટોનું ભવિષ્ય ખતમ સમજો'

**જર્મનીએ** ટ્રમ્પની ધમકી ફગાવતા કહ્યું કે ઇરાન સાથે યુદ્ધ કરતા પહેલા અમેરિકાએ નાટોને પૂછ્યું ન હતું તો નાટોની કોઇ જવાબદારી બનતી નથી

**વૉશિંગ્ટન, બર્લિન, તા. ૧૬:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો સાથી દેશો હોર્મુઝની સામુદ્રધુનીમાં દેખરેખ રાખવા માટે યુદ્ધ જહાજો મોકલવાની તેમની માંગનો ઈનકાર કરશે, તો નાટો (Nato) નું ભવિષ્ય 'ખૂબ જ ખરાબ' હશે.

અમેરિકી રાષ્ટ્રપતિએ આ મહત્વપૂર્ણ તેલ માર્ગ અંગેના વિવાદને યુક્રેન સાથે જોડીને તણાવ વધાર્યો છે. ઈરાન સામેના તેમના યુદ્ધને કારણે વિશ્વ અરાજકતા અને મંદીમાં ધકેલાઈ જવાનો ભય તોળાઈ રહ્યો છે. જોકે, બ્રિટિશ મંત્રીઓએ આજે સવારે વ્હાઈટ હાઉસમાંથી આવી રહેલી બયાનબાજીને હળવાશથી લીધી હતી

...અનુસંધાન પાના 5 પર ➲

### ટ્રમ્પે મદદ ન કરનારા સાથી દેશોને 'યાદ રાખવાની' ધમકી આપી

ટ્રમ્પે રવિવારે જણાવ્યું હતું કે તેઓ દરિયાઈ માર્ગે થતા વેપારને સુરક્ષિત બનાવવા માટે આ સામુદ્રધૂનિમાં દેખરેખ રાખવા માંગે છે. રિપબ્લિકન પાર્ટીમાં એવી ચિંતા વધી રહી છે કે અમેરિકન ગ્રાહકો માટે વધી રહેલી મોંઘવારી

...અનુસંધાન પાના 13 પર ➲

### ટ્રમ્પનો ચીન પ્રવાસ મોકૂફ રહેવાની શક્યતા

મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા 'ઓપરેશન એપિક ફ્યુરી'ના સંકલન માટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેમનો ચીન પ્રવાસ લંબાવી શકે છે. ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટે તેને માત્ર 'લોજિસ્ટિક્સ' કારણ ગણાવ્યું છે, પરંતુ ટ્રમ્પ બીજિંગ પર હોર્મુઝની સામુદ્રધુની ખોલવા દબાણ કરી રહ્યા છે.